**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરની શાળાઓમાં સંતાનોના પ્રવેશ માટે વાલીઓની દોડધામ

## અનેક જિલ્લાઓના વિદ્યાર્થીઓને વિદ્યાનગરીમાં અભ્યાસનો મોહ : વેકેશનમાં પણ પ્રવેશકાર્ય ચાલુ : હોસ્ટેલ અને પીજીની ઈન્કવાયરી વધી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એ શિક્ષણનું હબ ગણાય છે અને તેથી જ રાજ્યભરમાં વિદ્યાનગરીથી ઓળખ પામ્યુ છે. નવા વર્ષનો અભ્યાસ શરૂ થાય તે પહેલાં પોતાના સંતાનોને શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુથી વાલીઓ હાલ શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયામાં જોતરાઈ ગયા છે. ગાંધીનગરની શાળાઓમાં સવારથી જ વાલીઓની લાઈનો જોવા મળી રહી છે. જો કે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ હોવાથી વાલીઓમાં ચિંતા પણ જોવા મળી રહી છે.

વિદ્યાનગરી ગાંધીનગરની શાળાઓમાં પ્રવેશ મેળવવા રાજ્યના અનેક જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓના વાલીઓ આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ પણ ગાંધીનગરની શાળાઓમાં અભ્યાસને પસંદ કરી રહ્યા છે જેથી શાળાઓમાં વાલીઓની સવારથી જ લાઈનો લાગી જાય છે. જો કે ગાંધીનગરની કેટલીક શાળાઓએ પ્રવેશનો નવો ટ્રેન્ડ અપનાવ્યો છે જેમાં વિદ્યાર્થીને પ્રવેશ પરીક્ષા આપવી પડે છે જેના કારણે પ્રવેશ માટે પૂર્વ તૈયારીઓ સાથે આવવુ પડે છે.

ગાંધીનગરમાં શિક્ષણની સાથે રહેવા, જમવા અને ટ્યુશનની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવતી હોસ્ટેલ અને પીજીની પણ માંગમાં ઉછાળો આવ્યો છે અને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાઈ રહ્યો છે. ગાંધીનગર શ્રેષ્ઠ શિક્ષણ સાથે સંસ્કારી નગરી તરીકે પણ ઉભરી રહ્યુ છે જે કારણે રાજ્યભરમાંથી વાલીઓ પોતાના સંતાનોને ગાંધીનગરમાં અભ્યાસ માટે આગ્રહ રાખે છે. સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પણ પ્રવેશ પ્રથમ ધોરણથી અપાય છે જેમાં બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મુજબ પરિપત્ર અનુસાર પ્રવેશ શરૂ કરાયો છે.

પંથકના ગ્રામ્ય વિસ્તારોમાંથી સૌથી વધુ પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ હોવાનુ જાણવા મળે છે જેમાં નજીકના વિસ્તારમાંથી એસ.ટી.માં વિદ્યાર્થી પાસ લઈ આવન-જાવન કરી શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય તેવી વાલીઓ ખેવના ધરાવે છે. જે કારણે પણ ગાંધીનગરની શાળાઓમાં સંખ્યા તેની મર્યાદા સુધી પહોંચી ગઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.












## જન્મદિને વધામણી


કિરીટ પટેલ
મો.૭૪૨૮૪ ૦૭૬૧૧


દર્શન મારૂ
મો. ૯૫૮૬૨ ૮૭૪૪૭


અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨


મનસુખભાઈ પંચાલ


ધ્યાના રિતેશકુમાર સોની


જેનીશા વિશાલકુમાર પારેખ
મો. ૯૧૫૭૦ ૯૪૫૨૦

## રામજન્મભૂમિ અયોધ્યાની પવિત્ર માટી શાહપુર રામજી મંદિર નિર્માણ માટે અર્પણ




ગાંધીનગર, તા.૫

ભારત માતાના મંદિર સેક્ટર ૭ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યા ભગવાન શ્રીરામની જન્મભૂમિની પવિત્ર માટી શાહપુર ખાતે નવનિર્મિત અધ્યતન ભગવાન શ્રીરામના મંદિર નિર્માણના કાર્યમાં પાયામાં પધરાવવા માટે પવિત્ર અયોધ્યાથી વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી દિલીપભાઈ ત્રિવેદી તથા ડૉ અશ્વિન ત્રિવેદી એડવોકેટ દ્વારા દ્વારા અયોધ્યાથી લાવેલ માટી રામજી મંદિર શાહપુરના પ્રતિનિધિઓ જય પટેલ, દેવાંગ પટેલ તથા હર્ષ પટેલના ને વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગરના પદાધિકારીઓ મહેન્દ્રભાઈ મોડિયા, ઘનશ્યામભાઈ પટેલ, લલીતભાઈ પટેલ તથા અક્ષય જાનીની પ્રેરક ઉપસ્થિતિમાં અર્પણ કરવામા આવી હતી.

## માનસિક અસ્થિર વૃદ્ધાની વ્હારે મહિલા હેલ્પલાઈન આવી

### અભયમની ટીમે પરિવારની શોધખોળ કરી પુત્ર સાથે મિલન કરાવ્યું

ગાંધીનગર, તા.૫

રાજ્ય સરકારની મહિલા હેલ્પલાઈન એવી ૧૮૧ અભયમ અવારનવાર પ્રશંસનીય કાર્યો કરે છે. ત્યારે આ વખતે અભયમ માનસિક અસ્થિર વૃદ્ધાની વ્હારે આવી છે. આશરે ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલા રોડ પર એકલા આંટા મારતા હતા કોઈને નામ સરનામું પણ જણાવતા ન હતા તેમજ માનસિક સ્થિતિ પણ નબળી હતી. ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ માં કોલ કરી આ બાબતે જાણ કરી હતી. કોલ આવતાની સાથે જ અભયમની ટીમના કાઉન્સેલર ભાવના પરમાર, કોન્સ્ટેબલ હિરલબેન અને ડ્રાઈવર વિશાલ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અભયમની ટીમે સ્થળ પર પહોંચી વૃદ્ધ મહિલાને સાંત્વના આપી પૂછપરછ કરતા માનસિક સ્થિતિ નબળી હોવાનુ જણાયું હતું. તેમને કશું યાદ રહેતું નથી. ત્યારે આજે ઘરેથી નીકળી ગયા છે વધુમાં પૂછતા તેમના ચાર દીકરા છે અને તેઓ સરગાસણ ગામના છે એમ જણાવ્યું હતું અભયમની ટીમે સરગાસણ ગામમાં જઈ પૂછપરછ કરતા તેમનું સરનામું મળ્યું હતું ઘરે જઈને તેમના દીકરા અને વહુનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું તેમણે જણાવ્યું હતું કે વૃદ્ધાના ત્રણ દીકરા ગાંધીનગર અને એક દીકરી સરગાસણ રહે છે તેમની માનસિક સ્થિતિ નબળી હોવાથી અવારનવાર કહ્યા વિના ઘરેથી નીકળી જાય છે ત્યારે વૃદ્ધા સવારના કહ્યા વિના ઘરેથી નીકળી ગયા હતા ત્યારે ઘરના સભ્યો ખૂબ જ ચિંતિત થઈ ગયા હતા. પરિવારજનોએ આજુબાજુ તપાસ કરી હતી પણ ક્યાંય મળ્યા ન હતા. તેમજ પોલીસ સ્ટેશને પણ જાણ કરી હતી. આમ અભયમની ટીમે વૃદ્ધ મહિલાનું કાઉન્સેલિંગ કરી તેમને તેમના દીકરા અને વહુને સોંપ્યા હતા.




સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર પરિસરમાં આવેલ શીખરબંધ મંદિરમાં બિરાજમાન સદગુરૂ સંત શ્રી ભોજલરામ બાપાની ૨૩૮મી જન્મજયંતિ વૈશાખ સુદ પૂનમના દિવસને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. બપોરે ૪ થી ૬:૩૦ કલાકે ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગર હોમગાર્ડઝમાં નિમણૂંકપત્રો એનાયત સમારોહ





ગાંધીનગર, તા.૫

જિલ્લા હોમગાર્ડઝ કચેરી, ગાંધીનગરના તાબાના ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટમાં નવી ભરતીના પ્રતીક્ષા યાદીમાં સ્થાન પામી ૧૮ દિવસની તાલીમ પૂર્ણ કરનાર ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમ તથા ઉક્ત ઉમેદવારોને તાલીમબધ્ધ કરનાર માનદ ઈન્સ્ટ્રક્ટર / અધિકારીશ્રીઓને પ્રમાણપત્ર એનાયતનો કાર્યક્રમ નિપુણા તોરવણે (IPS) સચિવ (ગૃહ) અને આનંદ બિહોલા, નાયબ સચિવના હસ્તે નવા સચિવાલય, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. નવી નિમણુંક પામેલ હોમગાર્ડઝ સભ્યોને તથા તેઓને તાલીમબધ્ધ કરનાર માનદ ઈન્સ્ટ્રક્ટર/અધિકારીઓને નિપુણા તોરવણેએ અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ તથા સેકન્ડ ઈન કમાન્ડ સી.એમ.પરમાર, હેડકલાર્ક રૂપલબેન મુનીયા, સીનીયર પ્લાટૂન કમાન્ડર એમ.કે.પરમાર, ટીંટોડા યુનિટના ઓફીસર કમાન્ડીંગ રમેશભાઈ ઠાકોર તથા હોમગાર્ડઝ સભ્યો, એન.સી.ઓઝ. તથા અન્ય સ્ટાફગણ હાજર રહયા હતા.

## મહિલાઓ માટે રાયફલ શુટીંગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર કુડાસણ સ્થિત "સારથિ રાયફલ એકેડમી" ખાતે તારીખ ૧૩-૧૪ મે ના બે દિવસીય રાયફલ શૂટિંગ પ્રાથમિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ફક્ત મહિલાઓ માટે જ રાખવામાં આવી છે. જ્યાં બાર વર્ષની વધુ ઉંમરના કોઈ પણ મહિલાઓ ભાગ લઈ શકે છે. ગાંધીનગરની સર્વ પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર તેમજ "ઈન્દુમતી ફાઉન્ડેશન" અને "સારથી રાયફલ શૂટિંગ એકેડેમી " ના સહયોગથી સતત બીજા વર્ષે આયોજિત રાયફલ શૂટિંગ પ્રાથમિક શિબિરની સમય મર્યાદા એક - એક કલાકનો રહેશે. આ તાલીમ શિબિરમાં ભાગ લેવા તેમજ વધુ માહિતી ૮૪૦૧૦ ૮૮૬૭૭ પર સંપર્ક કરવા આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

## જીલ્લા રોજગારકચેરી દ્વારા ૮ તથા ૯ મેના રોજ જોબફેર યોજાશે

ગાંધીનગર, તા.૫

જીલ્લા રોજગાર વિનિમય કચેરી/મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા તા.૦૮ મેના રોજ એચઆર ભરતી ઓફીસ, અરવિંદ લીમીટેડ, ખાત્રજ ચોકડી પાસે તા.કલોલ, જિ.ગાંધીનગર તથા ૦૯ મેના રોજ ડી-માર્ટ (એવન્યુ સુપર માર્ટ), ક્રોમા શોરૂમ પાસે, આસ્થા હોસ્પિટલની સામે સરગાસણ, ગાંધીનગર ખાતે સવારે ૧૦:૦૦ કલાકે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. જ્યાં સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતીનો લાભ લઈ શકાશે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ કરેલ ઉમેદવારો ભાગ લઈ શકશે. રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળાનું આયોજન થનાર છે.



માનવ સેવા મંડળ,ગાંધીનગર દ્વારા વૈશાખી પૂનમ,બુદ્ધ પૂર્ણિમા નિમિતે અંતરેશ્વર મહાદેવ, ઉવારસદ ખાતે અનાથ, નિરાધાર કુટુંબોને ગોળ, ઘઉં, ચોખા, મગની દાળ, ચણાની દાળ, મીઠું વગેરે કરિયાણાની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.



વૈશાખી પૂનમે જય અંબે પરિવાર ટ્રસ્ટ - ગાંધીનગરની શક્તિ ચોક, સેક્ટર -૧૩/બીથી ધોળેશ્વર મહાદેવની પદયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

## અમેરિકામાં અનુસ્નાતક ડીગ્રી માટે શારદાશિષ સ્કોલરશિપ ૨૦૨૩ નો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

ટોરન્ટ ગ્રુપનાં યુ.એન.મહેતા ફાઉન્ડેશન ધ્વારા ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા ભણવા જવા ઈચ્છતા પણ આર્થીક રીતે સંઘર્ષ કરતા યુવા યુવતીઓને આર્થિક સહયોગ કરવાના હેતુસર છેલ્લા આઠ વર્ષથી શારદાશિષ સ્કોલરશિપની શરૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સદર સ્કોલરશીપ વ્યાજરહિત લોન સ્વરૂપે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ નાં સપ્ટેમ્બર ઈન્ટેકમાં અમેરિકામાં માસ્ટર્સ/પીજી ડીગ્રી માટે જનારા ૨૫ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિ લોનનો લાભ મેળવવા તારીખ ૩૧ મે ૨૦૨૩ સુધી https://unmfoundation.com વેબ સાઈટ ઉપરથી ઓનલાઈન અરજી કરી કરી શકશે. આ બાબતે સદર વેબસાઈટ ઉપરથી વધુ વિગત પ્રાપ્ત થઈ શકશે. યોગ્ય ઉમેદવારની અરજી અને લાયકાતના ધોરણે પસંદગી કરવામાં આવશે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.વણઝારા જમનાબેન જયંતિભાઈ** ઉ.વ.૩૩, ચરેડી છાપરા
- **સ્વ.મેસરીયા સોમાભાઈ લાલાભાઈ** ઉ.વ.૭૯, મહુન્દ્રા
- **સ્વ.જોષી ભાઈલાલભાઈ રવિશંકરભાઈ** ઉ.વ.૫૭, ગાંધીનગર
- **સ્વ.નાયી સવિતાબેન સેંધાભાઈ** ઉ.વ.૬૪, વાવોલ
- **સ્વ.ઠાકોર ભીખાજી ગાભાજી** ઉ.વ.૫૦, પેથાપુર
- **સ્વ.મિશ્ર દેવેન્દ્ર ભુષણ** ઉ.વ.૯૩, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧